# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-03-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM Navsari

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહિલાઓનાં જીવનધોરણમાં સુધારો લાવવા સરકારની મહત્વની યોજનાઓને ટાંકીને આજે ભારપૂર્વક જણાવ્યું કે, તેમની સરકાર મહીલા સશક્તિકરણ માટે સમર્પિત છે.

આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પ્રસંગે નવસારી જિલ્લાનાં વાંસી બોરસીમાં આયોજિત લખપતિ દીદી સંમેલનમાં પ્રધાનમંત્રીએ જણાવ્યું કે મહિલાઓનું સન્માન વિકાસની પહેલી સીડી છે. તેમણે જણાવ્યું કે, તેમની સરકાર મહિલા સન્માનને પ્રાથમિકતા આપી રહી છે.

(PM BYTE Women led development)

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, સરકારે દેશભરમાં હજારો શૌચાલયોનું નિર્માણ કર્યું છે, જેનાથી મહિલાઓન ગરિમા જળવાઈ છે. અગાઉ, પ્રધાનમંત્રીએ આ સંમેલનમાં 25 હજારથી વધુ સ્વસહાય જૂથોની મહિલાઓને 450 કરોડ રૂપિયાની નાણાકીય સહાયનું વિતરણ કર્યું. શ્રી મોદીએ પાંચ લખપતિ દીદીઓને લખપતિ દીદી પ્રમાણપત્ર એનાયત કરીને સન્માનિત કરી હતી. કાર્યક્રમમાં આશરે એક લાખ મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, દીકરીઓનાં ભણતર અને ગણતર માટે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમને કારણે રાજ્યની મહિલાઓ લખપતિ દીદી બની છે.

આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી આર પાટીલે જણાવ્યું કે, શ્રી મોદીએ માતાઓ અને બહેનો માટે અનેક યોજનાઓ અમલી બનાવીને તેમને રોજગારીની તકો પૂરી પાડી છે.

અગાઉ પ્રધાનમંત્રીએ લખપતિ દીદી યોજનાનાં 10 લાભાર્થી સાથે સંવાદ કર્યો

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી બે દિવસની રાજ્યની મુલાકાતે છે. શ્રી શાહે આજે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં દર્શન અને પૂજા કર્યા હતા. જે બાદ તેઓ ગીરસોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં આવેલી સુગર ફેક્ટરીમાં કોડીનાર અને તાલાળા સુગર મિલોનું પુનરુત્થાન અને આધુનિકીકરણ કાર્યક્રમ માટે રવાના થયા છે. શ્રી શાહ જુનાગઢમાં બ્રહ્માનંદ વિદ્યાધામ ખાતે વિવિધ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કરશે.

તેઓ આવતીકાલે અમદાવાદ અને ગાંધીનગરમાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે.

# Rahul Gandhi Ahmedabad

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આજે અમદાવાદમાં કાર્યકર્તાઓ અને હોદેદ્દોરાને સંબોધન કર્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા અને શહેર કોંગ્રેસના હોદ્દેદારો, પક્ષના વિવિધ સેલના પ્રમુખો હાજર હતા.

આજે વિશ્વ મહિલા દિવસ નિમિત્ત કોંગ્રેસના મહિલા આગેવાનોએ તેમનું સ્વાગત કર્યું હતું. કાર્યકર્તાઓના સંમેલનને સંબોધિત કરતાં રાહુલ ગાંધીએ જૂથવાદમાં સંડોવાયેલા કોંગ્રેસનાં કેટલાંક નેતાઓની ટીકા કરી હતી અને જરૂર પડ્યે તેમની હકાલપટ્ટી કરવાની પણ તૈયારી બતાવી હતી.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં કોંગ્રેસના સંગઠનને મજબૂત કરવા તથા ગુજરાતમાં કોંગ્રેસની હાર પાછળના કારણો તથા પરિબળો જાણવા શ્રી ગાંધી બે દિવસથી ગુજરાતની મુલાકાતે છે.

# Mahila Divas Drawn didi

આજે દેશભરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ‘દરેક મહિલાઓ અને બાળકીઓ માટે અધિકાર, સમાનતા અને સશક્તિકરણ’ની વિષયવસ્તુ સાથે રાજ્યમાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

બનાસકાંઠા જિલ્લાનાં ડ્રોન દીદી આશા ચૌધરીએ સરકારી યોજના દ્વારા ડ્રોન મેળવી વાર્ષિક ત્રણ લાખ રૂપિયાની આવક મેળવી રહ્યા છે. આ રીતે તેમણે અન્ય મહિલાઓને સખી મંડળ બનાવીને આત્મનિર્ભર બનવાનો સંદેશ આપ્યો છેઃ

આ અંગે આશા ચૌધરીએ તેમની પ્રતિક્રિયા આપી

(BYTE: ASHA CHOUDHRY DRONE DIDI)

# GSRTC EXTRA BUS

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ GSRTC દ્વારા હોળી ધૂળેટીના તહેવારને અનુલક્ષીને વધારાની 820 બસનું સંચાલન કરાશે. નવ માર્ચથી 13 માર્ચ દરમિયાન ડાકોર, દાહોદ, ગોધરા, ઝાલોદ, ફતેપુરા, બારિયા, છોટા ઉદેપુર તરફના મુસાફરોના ધસારાને પહોંચી વળવા અમદાવાદ મધ્યસ્થ બસમથક, વકીલ સાહેબ બ્રિજ બોપલ, તેમ જ ઓઢવ રિંગ રોડ પરથી વધારાની બસ દોડાવાશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયુ છે.

બીજી તરફ, દ્વારકામાં ફૂલડોલ ઉત્સવ નિમિત્તે જામનગરથી વધારાની બસ દોડાવાશે. જ્યારે 51થી વધુ મુસાફરોના ગ્રૃપ બુકિંગ પર નિયત વિસ્તારથી વતન મૂકવા સુધીની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

# Nutrition kit

પંચમહાલ જિલ્લા સેવા સદન કચેરી ખાતે 100 ડે ટીબી કેમ્પેઇન અંતર્ગત દત્તક લીધેલા દર્દીઓને પોષણ કીટ આપવામાં આવી હતી. ટીબીના રોગનો ઈલાજ શક્ય છે. તેના ઉપચાર માટે ટીબીના દર્દીઓનું પોષણ થવું જરૂરી છે. તેથી જિલ્લા કલેકટર કચેરીના નાયબ મામલતદાર સહિત કર્મચારીઓએ  ટીબીના 37 દર્દીઓને પોષણયુક્ત કરવાની નેમ લીધી છે. જે અંતર્ગત જિલ્લા કલેકટર અને અધિકારીઓની ઉપસ્થિતિમાં દત્તક લેવાયેલ ટીબી દર્દીઓને પોષણકિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)